**I B Patel English School (Primary)**

**2020 -2021**

**Class - 7**

**Subject – Gujarati**

**Chapter :** 1 ચબૂતરો

# સ્વાધ્યાય

**પ્ર.-૧ નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

**૧. ચબૂતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?**

- ચબૂતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હશે.

**૨. ચબૂતરામાં શું નાખવામાં આવે છે?**

- ચબૂતરામાં પક્ષીઓ માટે ચણ (અનાજ) નાખવામાં આવે છે.

**3. ચબૂતરા પર છત શા માટે છે?**

- ચબૂતરા પર છત પક્ષીઓને ઠંડી, તાપ, વરસાદથી રક્ષણ માટે છે. જેથી પક્ષીઓ શાંતિથી ત્યાં બેસી શકે અને ચણ ચણી શકે.

**૪. પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા છે?**

- પંખીને પાણી પીવા માટે એક અલગ પાત્ર મુકવામાં આવ્યું છે.

**૫. નિસરણીનો શો ઉપયોગ થતો હશે?**

- નિસરણીનો ઉપયોગ ચબૂતરામા ચણ મુકવા, તેને સ્વચ્છ કરવા માટે થતો હશે.

**૬. ચિત્રમાં કયાં કયાં પ્રાણીઓ જોવા મળે છે?**

- ચિત્રમાં ગાય, બકરી, શ્વાન(કુતરું) તથા પક્ષીઓ જોવા મળે છે.

**પ્ર.-૨ "ચબૂતરા" વિષે પાંચ વાક્યો લખો.**

વર્ષોથી ગામડામાં પક્ષીઓ માટે ચબૂતરો બનાવવામાં આવે છે. પાઠમાં આપેલ ચિત્રમાં એક સુંદર ચબૂતરો જોવા મળે છે. જેમાં અનેક પક્ષીઓ શાંતિથી બેઠેલા જોવા મળે છે. ચબૂતરામાં પક્ષીઓ માટે અનાજ મૂકવામાં આવે છે. વહેલી સવારે લોકો તેમાં થોડું અનાજ મૂકી જાય છે તથા તેમને પીવા માટેના પાણીની અલગ વ્યવસ્થા જોવા મળે છે. ચબૂતરાની લંબાઈ થોડી વધારે રાખવામાં આએ છે જેથી જંગલી પશુઓથી પક્ષીઓને રક્ષણ મળે. અમુક ચબૂતરાની આસપાસ સરસ ઓટલો બનાવવામાં આવે છે જેથી લોકો ત્યાં

બેસી વિરામ કરી શકે.

**<u>પ્ર.-૩</u> <u>નીચે આપેલું ચિત્ર જોઈ તેના વિશે લખો.</u>**



(સ્વ-પ્રયત્ન)

(students can follow answer of the question no. 2 as reference.)